॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ आयओ गुरुबहुमाणो ॥

# આગમ-અસ્મિતા

૪૫ આગમોની
૪૫ અસ્મિતાની
એક અહોભાવયાત્રા

**પ્રિયમ્**

**अहो श्रुतम्**
બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

## ૪૫ ⇨ આગમોની અસ્મિતા ⇨ એક અહોભાવ યાત્રા

ભગવદ્ગીતા માટે એમ કહેવાય છે, કે એનો મહત્તમ ઉપયોગ સોગંદ લેવા માટે થાય છે. (વાંચન માટે નહીં.) આપણી પણ કદાચ કંઈક આવી જ વાસ્તવિકતા છે. આગમોના પૂજન માટે આપણને જેવી અંતઃપ્રેરણા થાય છે, તેવી આગમોના શ્રવણ માટે થતી નથી. આવું કેમ ? ખૂબ મંથન કરતાં એવું લાગે છે કે આગમોના અર્ચનના મૂળમાં અહોભાવ હોવો જોઈએ, અદ્ભૂત કક્ષાનો અહોભાવ. જે અર્ચનને એ કક્ષાએ લઈ જાય, કે જ્યાં શ્રવણ અને અનુસરણ સહજ બની જાય. અહોભાવને આત્મસાત્ કરવા માટે મનને મનાવવાની પણ જરૂર નથી અને અસત્ કલ્પનો કરવાની પણ જરૂર નથી. જરૂર એટલી જ છે, કે આપણને આગમોની અસ્મિતાની ઓળખાણ થાય. સત્-તત્ત્વની સાચી ઓળખાણ અહોભાવમાં પરિણમ્યા વિના રહેતી નથી. તો હવે શરૂ કરીએ... અહોભાવ યાત્રા.

### (૧) **શ્રુતમહારાજા** -

સિંહાસન, છત્ર અને ચામર તો ભાડૂતી પણ હોઈ શકે છે. રાજાનું તાત્ત્વિક લક્ષણ છે આજ્ઞા ઐશ્વર્ય. 'જેની આજ્ઞા બધાં જ માને એ રાજા.' આવો અર્થ અહીં નથી સમજવાનો. જો આવું હોય, તો કોઈ 'રાજા' નહીં બની શકે. પણ જેની આજ્ઞા સર્વોપરિ હોય અને જેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી સજા થાય, એ રાજા. આવો અર્થ સમજવાનો છે. આ જ રાજાનું આજ્ઞા ઐશ્વર્ય છે. 'નમો નમો શ્રુતમહારાજ' જેવી પંક્તિઓ દ્વારા આગમને મહારાજાનું સ્થાન અપાયું છે. જેમાં કોઈ જ અતિશયોક્તિ નથી. એક રાજા

નાના-મોટા જમીનના ટુકડા પર રાજ્ય કરતો હોય છે. વધુમાં વધુ ચક્રવર્તી છ ખંડ પર રાજ્ય કરતો હોય છે. જે વિશ્વનો અસંખ્યમો ભાગ જ હોય છે. **આગમ મહારાજા છે. કારણ કે સમગ્ર વિશ્વ પર એનું રાજ ચાલે છે.** એની આજ્ઞા સર્વોપરિ હોય છે. ચક્રવર્તિથી માંડીને સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવ પણ આગમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની સજા ભોગવતો હોય છે. ખરી દૃષ્ટિએ વિશ્વમાં એક જ રાજા છે - આગમ. આ રાજાની આગળ લાખો-કરોડો 'મહા' લગાડી દઈએ, તો ય ઓછા પડે એમ છે.

કલિકાલસર્વજ્ઞ કહે છે - **आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च** - આજ્ઞાની આરાધનાથી મોક્ષ, વિરાધનાથી સંસાર. અનુસરણથી સુખ, ઉલ્લંગનથી સજા, આનું નામ આજ્ઞા-ઐશ્વર્ય. આનું નામ મહારાજ... નમો નમો શ્રુતમહારાજ.

## (૨) **संसारसागरयानपात्रम्** -

દરિયાની વિરાટતા જ એવી છે, કે તરવૈયાની કુશળતા નકામી બની જાય. હાંફીને થાકી જવાય... હાથ-પગ ચલાવવા અશક્ય બની જાય, ત્યારે કુશળતા શું કામ લાગશે ? દરિયાને પાર કરવાનો એક જ ઉપાય છે - કોઈ એવા આશ્રયમાં આવી જાઓ, કે જેમાં આવી ગયા પછી તમે નિશ્ચિંત. એ આશ્રય જ તમને દરિયો પાર કરાવી દે. એનું નામ છે જહાજ. આગમ એટલે સંસારસાગરમાં જહાજ. સ્વમતિથી કરાતી જાત-મહેનત કદી તારી નથી શકતી. એ તો માત્ર ડુબાડી શકે છે. સંસારસાગરને પાર કરવાનો એક જ ઉપાય છે. આગમનું શરણ લઈ લો. જે આગમની શરણાગતિ સ્વીકારે છે, એના માટે આગમ જહાજ બની જાય છે, ભવસાગરમાં જહાજ.

આગમનું શરણ લેવાનો અર્થ છે આગમને સંપૂર્ણપણે સમર્પિત બની જવું, પોતાના અસ્તિત્વને આગમમાં વિસર્જિત કરી દેવું. આ એક એવી દશા છે, જેમાં તન, મન અને જીવન પરથી પોતાના આધિપત્યને ઉઠાવી લેવાયું છે અને આગમના આધિપત્યને પ્રતિષ્ઠિત કરી દેવાયું છે. બસ, આ

દશા મળે એટલે તમે નિશ્ચિંત. તમને ભવસાગરના કિનારા સુધી પહોંચાડવાની જવાબદારી આગમ-જહાજની.

## (૩) महादीपः -

દીપકનો અર્થ છે એક સ્વાધીન પ્રકાશ. તમે જ્યં જશો, ત્યાં એ તમારી સાથે આવશે. નથી એને સ્થળનું બંધન કે નથી સમયનું બંધન. ભૂગર્ભમાં સૂરજ નહીં આવે, દીપક આવશે. અડધી રાતે સૂરજ નહીં આવે, દીપક આવશે. આગમ એટલે દીપક. દેવ અને ગુરુના સાન્નિધ્યની એક મર્યાદા હોય છે. મોક્ષે ગયેલા 'પ્રભુ' પાછા આવતા નથી. 'ગુરુ' ને ઘરે સાથે રાખવા એ શક્ય નથી. પણ દેવ-ગુરુની વાણી સ્વરૂપ આગમને સતત સાથે રાખી શકાય છે. અંતરમાં ઓળઘોળ થઈ ગયેલું આગમવચન એ દીપક છે. એક સ્વાધીન પ્રકાશ. જે તમને અંધકારોથી મુક્ત રાખશે અને જીવનને ઝળાહળ કરી દેશે. દીપકને 'તેલ' ને 'વાટ'ની અપેક્ષા હોય છે. દીપક બુઝાઈ પણ શકે છે. આગમનો પ્રકાશ સ્વયં સ્ફુરિત છે. એ નિરપેક્ષ પણ છે અને એનામાં બુઝાઈ જવાની સંભાવના પણ નથી. દીપકથી વિશેષ છે આગમ. લાખો કરોડો દીવાઓનો ગુણાકાર છે આગમ. માટે જ કહેવાયું છે -

**अंधयारे दुरुत्तारे घोरे संसारसायरे ।**
**एसो चेव महादीवो लोयालोयावलोयणो ॥**

ભયાનક અંધકારમય છે આ સંસાર. જેમાં આગમ જ એક મહાદીપક છે. જેના અજવાળા લોકાલોકને અજવાળી દે છે.

## (૪) सर्वत्रगं चक्षुः -

કેમેરાની આંખ ક્યાંક અટકી જાય છે. એક્સ રે, સોનોગ્રાફી કે એમ.આર.આઈ. સિસ્ટમની આંખ પણ ક્યાંક અટકી જાય છે. આપણી આંખની પણ એક સીમા છે. અને માઈક્રોસ્કોપ, દૂરબીન કે રડાર યંત્રની પણ એક મર્યાદા છે. પણ એક આંખ એવી છે, જેની કોઈ સીમા નથી.

સમગ્ર વિશ્વની એવી કોઈ વસ્તુ નથી, જેને એ જોઈ નથી શકતી. એ છે આગમ. એ દરેક વસ્તુને જુએ છે અને આરપાર જુએ છે. નથી એને દીવાલ નડતર બનતી કે નથી તો પહાડ નડતર બનતો. માટે જ ૧૪૪૪ ગ્રંથ કર્તા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

**चक्षुः सर्वत्रगं शास्त्रम्** - શાસ્ત્ર એટલે સર્વગામી ચક્ષુ. વિશ્વ ઘણું વિરાટ પણ છે, અને સૂક્ષ્મ પણ છે. આપણી આંખને તો માત્ર સામે રહેલી/ નજીક રહેલી/ ન ઢંકાયેલી વસ્તુની ઉપરની સપાટીનો વર્તમાન પર્યાય જ દેખાય છે, ને એ પણ શક્ય છે, કે એ પર્યાય પણ વાસ્તવમાં ન હોય, બલ્કે એ આપણો ભ્રમ હોય.

બહેતર છે, આપણે આગમની આંખે જોઈએ. સર્વદર્શી બનવાનું આથી વધુ કોઈ જ મૂલ્ય નથી.

## (૫) **पापामयौषधम्** -

તાવ, ટી.બી. કે કેન્સર જેવા રોગો તો શરીરના છે, આત્માના નહીં. આત્માનો રોગ છે પાપ. તાવ વગેરે શરીરના સ્વરૂપને વિકૃત કરી નાંખે છે. પાપો આત્માના સ્વરૂપને વિકૃત કરી નાખે છે. આત્માનું સ્વરૂપ સહજાનંદી છે, પાપોએ એને મૂર્ખ અને જડ જેવો બનાવી દીધો. આત્માનું સ્વરૂપ સમતાસભર છે, પાપોએ એનામાં રાગ-દ્વેષની હોળી સળગાવી દીધી. પછી તો કર્મબંધ અને કર્મોદયનું વિષચક્ર ચાલ્યું. નરક-નિગોદ-કતલખાનું... 'પાપ' રોગથી આપણા આત્માએ જે દુઃખો સહન કર્યા છે, તેમનું વર્ણન સાક્ષાત્ કેવળજ્ઞાની પણ કરી શકે તેમ નથી. કારણ કે શબ્દોની અને સમયની એક મર્યાદા છે, આયુષ્યનો પણ અંત છે, જ્યારે એ દુઃખો અનંત છે.

હવે આ દુઃખોથી મુક્ત થવાનો એક જ ઉપાય છે, રોગને મૂળમાંથી પકડો. એનું રામબાણ ઔષધ લો અને રોગને નાબૂદ કરી દો. એ ઔષધનું નામ છે આગમ... અનાદિના રોગનું પરમ દુર્લભ આ ઔષધ... આપણા પરમ પુણ્યથી આપણને મળી જ ગયું છે, તો હવે એને સાર્થક કરીએ.

## (૬) रागोरगमयूरः -

જ્યારે આપણે કહીએ છીએ, કે અમુક વ્યક્તિ શરીરથી દુઃખી છે, ત્યારે વાસ્તવમાં એ શરીરના રોગથી દુઃખી નથી હોતો, પણ શરીરના રાગથી દુઃખી હોય છે. પાંચ કરોડ રૂપિયાના નુકશાનથી માણસ દુઃખી નથી થતો. પણ પાંચ કરોડ રૂપિયાના રાગથી દુઃખી થાય છે. દુનિયાના કોઈ પણ દુઃખના મૂળમાં છે રાગ. રાગ એ નાગ છે. જે ડગલે ને પગલે ભયાનક ડંખ મારતો રહે છે. દુનિયા ડંખને દૂર કરવા માટે મથામણ કરે છે. પણ જ્યાં સુધી નાગ દૂર નહીં થાય, ત્યાં સુધી ડંખ દૂર થાય એવી કોઈ જ શક્યતા નથી.

હવે સવાલોનો સવાલ એ છે કે નાગને દૂર કરવો શી રીતે ? વળી એક નાગ હોય, તો હજી કદાચ પહોંચી વળાય, પણ જાત-જાતના ને ભાત-ભાતના નાગ... એમને શી રીતે પહોંચી વળવું ? જવાબ છે આગમના આગમનથી. આગમ એ મોર જેવો છે. મોર આવતાની સાથે બધાં જ નાગ ભાગી છૂટે છે. જીવનમાં આગમનું આગમન થાય એટલે બધાં જ રાગ સહજ રીતે છૂટી જાય છે. રાગ જતો રહે, એટલે દુઃખો જતાં જ રહેવાના છે. કારણ કે 'રાગ' એ તો દુઃખનું જ બીજું નામ છે.

## (૭) द्वेषदवानलजलधरः -

દીવાસળીની આગ ત્રણ રીતે બુઝાઈ શકે છે - (૧) પ્રાકૃતિક કે કૃત્રિમ પવન મળવાથી. (૨) ઈંધણ પૂરું થઈ જવાથી. (૩) પાણી છાંટવાથી. પણ દાવનળની આગ આ ત્રણમાંથી કોઈ રીતે બુઝાઈ શકતી નથી. પવનથી એ આગ ઉલ્ટી વધે છે. ઈંધણ એમાં અખૂટ હોય છે. ને પાણી છાંટવાથી એમાં કોઈ ફેર પડતો નથી. બસ, એ તો ફેલાતી જ જશે, એની જ્વાળાઓ આકાશને આંબશે, નાનકડા તણખલાથી માંડીને વિરાટ વૃક્ષો સુધીના બધાંને એ બાળીને રાખ કરી દેશે. દાવાનળનો એક માત્ર ઉપાય છે ધોધમાર વરસાદ. એ જ દાવાનળને શમાવી શકે છે.

દ્વેષ એ દાવાનળ જેવો છે. દયા, ક્ષમા, કરુણા, સુખ, શાંતિ, પ્રસન્નતા..

બધાંને એ બાળીને ભસ્મીભૂત કરી દે છે. આ દાવાનળને બુઝાવવાનો ઉપાય છે આગમ. આગમ એ જલધર છે. જે આત્મભૂમિ પર બારે ખાંગે વરસે છે... એની અનરાધાર વૃષ્ટિમાં દ્વેષના દાવાનળનો કોઈ અવકાશ જ રહેતો નથી.

## (૮) लोकालोकप्रकाशक आदित्यः -

પ્રકાશની ચરમ સીમા ગણાય છે સૂરજ. સૂરજ એક ઝળહળતા તેજનો પૂંજ મનાય છે. સૂરજથી વધુ પ્રકાશની કલ્પના કરવી પણ શક્ય નથી, છતાં પણ તાત્ત્વિક દૃષ્ટિએ સૂરજ જેટલા અવકાશમાં અજવાળું કરે છે, એ અવકાશ કુલ અવકાશનો અનંતમો ભાગ જ હોય છે.

આગમ એ મહાસૂર્ય છે. જેના ઝળહળતા પ્રકાશમાં લોકાલોક પ્રકાશિત થઈ જાય છે. સૂરજના તેજમાં રહેલો માણસ પણ ઘણી રીતે અંધારામાં હોઈ શકે છે. આગમ એ એક એવો સૂરજ છે, જે અનંત અવકાશને તો અજવાળી જ દે છે, ભીતરના અનંત અંધકારને પણ ઉલેચી દે છે.

## (૯) सर्वसन्तापप्रशमनश्चन्द्रमाः -

ચંદ્રનું એક નામ છે 'ઔષધિજાલ.' ચંદ્રના કિરણોમાં અઢળક ઔષધિઓ હોય છે. પિત્તના પ્રકોપથી થયેલા અનેક દર્દોનો ઈલાજ ચંદ્ર કરી શકે છે. ચંદ્રસ્નાન કરવાથી શરીરની ગરમી જતી રહે છે. પણ આવું થાય જ એવું સો ટકા જરૂરી નથી. પૂનમની રાતે ચાંદનીમાં આળોટતી વ્યક્તિ પણ મનમાં ક્રોધથી સળગતી હોય ને તેથી એનું શરીર પણ લ્હાય લ્હાય થઈ ગયું હોય, એવું બની શકે છે.

ખરો ચન્દ્ર હોય તો એ છે આગમ. ચિત્તના તમામ ઉકળાટને એ થીજવી દે છે. મનને શાંત-પ્રશાંત કરી દે છે અને પરિણામે શારીરિક સંતાપોને પણ દૂર કરી દે છે.

## (૧૦) दोषकरिकेसरीः -

હાથી એ ખૂબ જ જોરાવર પ્રાણી ગણાય છે. એ ઈચ્છે તો તોતિંગ

વૃક્ષને પણ જડમૂળથી ઉખેડી નાખે ને આખા જંગલને ય ખેદાન મેદાન કરી દે. એક સિંહ જ એવું પ્રાણી છે, જે હાથીને ય પહોંચી વળે. પ્રચંડ પરાક્રમથી હાથીના ય હાજ ગડગડાવી દે, ને હાથીના કુંભસ્થળને ચીરીને એના રામ રમાડી દે.

આપણા દોષો હાથી જેવા છે, જોરાવર. ખૂબ જ જોરાવર. આપણા કલ્યાણની બધી જ શક્યતાઓને જડમૂળથી ઉખેડી દેનારા. જન્મોજનમથી આપણા જીવનને ખેદાન-મેદાન કરી નાખરનારા. અનાદિ કાળથી પુષ્ટ થયેલા આ દોષોને દૂર કરવાનું તો શું, એમની સામે માથું ઉચકવાનું પણ આપણું ગજું નથી. પણ જો આપણે આગમનું શરણ લઈએ તો એ શક્ય બની શકે છે. આગમ એ સિંહ છે, જે દોષોરૂપી હાથીઓને હંફાવી દે છે, હરાવી દે છે, ને એમના રામ પણ રમાડી દે છે.

## (૧૧) <u>कर्मतृणोत्करमुर्मुरः</u> -

આખો દેશ ભરાઈ જાય, એવડી અધધધ મોટી ઘાસની ગંજી હોય, અને એમાંથી ઘાસનો એક એક પૂળો ઉપાડીને એ દેશને ખાલી કરવાનો હોય, તો એ ક્યારે ખાલી થાય ? જીવન પૂરું થઈ જાય, પણ એ ખાલી ન થાય. એને ખાલી કરવાનો ઉપાય છે આગનો એક તણખો. એ ગંજી પર એક તણખો પડી જાય. ને ટૂંક જ સમયમાં ઘાસની આખી ગંજી ભડકે બળવા લાગે, ને પછી તો એનું નામોનિશાન ન રહે.

આપણો આત્મા એક એવો દેશ છે, કે જેમાં અસંખ્ય પ્રદેશો આવેલા છે. આ પ્રત્યેક પ્રદેશ પર અનંતાનંત કર્મો રહેલા છે. આપણને ભવોભવ દુઃખી કરનારા ને રિબાવી રિબાવીને મારનારા આ કર્મો જ છે. અનંત અનંત કર્મો. જેમને કાઢવા જતાં આપણા બીજા અસંખ્ય જન્મો થઈ જાય ને એટલા સમયમાં તો બીજા અનંત અનંત કર્મો ઘુસી જાય... રે... પણ હા.. જો આગમ નામના તણખાને એ કર્મો પર નાખી દઈએ, તો પછી બધાં જ કર્મો ભડકે બળશે, કલ્પનાતીત રીતે ભસ્મીભૂત થઈ જશે, ને આપણે સર્વ

દુઃખોથી મુક્ત થઈ જશું. જે આગમને અનુસરે છે, એણે કદી કર્મોને અનુસરવું પડતું નથી.

## (૧૨) शीलपरिमलपङ्कजम्ः -

આખો સંસાર કુશીલતાની દુર્ગંધથી ખદબદી રહ્યો છે. સંબંધોનું સત્ય જો પ્રગટ થતું હોય, મનના વિકારો જો છતા થતા હોય, ઈચ્છાઓ જો દશ્યરૂપે પરિણમતી હોય, તો મોટા ભાગના જીવો કોઈને મોઢું બતાવવાની સ્થિતિમાં ન રહે. 'ભૂંડ' નામનું એક પ્રાણી છે. જે વિષ્ટામાં આળોટે તો છે જ, વિષ્ટાને મજેથી આરોગે પણ છે. પણ એનો અર્થ એ નથી કે વિષ્ટા સુગંધી છે, એનો અર્થ એટલો જ છે, કે વિષ્ટાની દુર્ગંધનું એને ભાન નથી. દુર્ગંધ એ દુર્ગંધ જ છે ને કુશીલતા એ કુશીલતા જ છે.

એક ભૂંડની જેમ આખી ય દુનિયા અબ્રહ્મની અશુચિમાં આળોટી રહી છે, કુશીલતાની દુર્ગંધ માથું ફાડી નાખે એટલી હદે પ્રસરી રહી છે, તે સ્થિતિમાં શીલની સુવાસ પ્રસરાવતું કોઈ કમળ હોય, તો એ છે આગમ. આજ સુધીમાં અનંત આત્માઓની અસ્મિતાને એણે સુગંધથી મઘમઘાયમાન કરી દીધી છે, કાયમ માટે.

## (૧૩) परमतृप्तिप्रदममृतम् -

લગ્નની બે હજાર રૂપિયાની ડીશ જમ્યા પછી પણ માણસને જે તૃપ્તિ થાય છે, કે એક લાખ સોનામહોરના મૂલ્યવાળું ભોજન જમયા પછી ચક્રવર્તીને જે તૃપ્તિ થાય છે, તે ખરી તૃપ્તિ નથી હોતી. ખરી તૃપ્તિ તો એ છે, કે જેના બાદ ફરી તૃષ્ણા જાગે જ નહીં. ફરીથી તૃપ્તિની આવશ્યકતા રહે છે, તેનો અર્થ એ જ, કે પહેલાની તૃપ્તિ વાસ્તવિકતા ન હતી.

આગમ એ એક એવું અમૃત છે, જે પરમ તૃપ્તિ આપે છે. અને આત્માને અજરામર બનાવી દે છે. પછી આત્માને ભોજનના, ભોગની કે કોઈ પણ સુખસાધનોની તૃષ્ણા રહેતી નથી. આગમનું અમૃત તો ભીતરી સુખના મહાસાગરને સ્વાધીન કરી દે છે, એ મહાસાગર, જેની તુલનામાં

બીજા બધા જ સુખો એક બિંદુ પણ નથી. મહાસાગરના અનુભવના એ અદ્વૈત આનંદમાં બીજી કોઈ વસ્તુની તૃષ્ણા તો નથી જ હોતી, એના વિચાર સુદ્ધાનો અવકાશ રહેતો નથી.

## (૧૪) **निरवशेषशस्यवृष्टिः** -

સંસ્કૃતમાં 'શસ્ય' શબ્દના બે અર્થ થાય છે- એક તો અનાજ અને બીજો કલ્યાણ. વાદળો પાણીની વૃષ્ટિ કરે છે, જેનાથી અનાજ ઉગે છે, આગમ જ્ઞાનની વૃષ્ટિ કરે છે, જેનાથી કલ્યાણો ઉગે છે. વિશ્વનું એવું કોઈ કલ્યાણ નથી, કે જે આગમથી પ્રાપ્ત ન થાય. રાજાપણું, મહારાજાપણું, સમ્રાટપણું, ચક્રવર્તીપણું, દેવપણું, ઈન્દ્રપણું અને અહમિન્દ્રપણું. જેવા દ્રવ્ય કલ્યાણો પણ આગમથી મળે છે, અને સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, વીતરાગતા, સર્વજ્ઞતા, અયોગિતા તથા સિદ્ધતા જેવા ભાવ-કલ્યાણો પણ આગમથી મળે છે. આત્મભૂમિ પર આગમ જ્ઞાનની વૃષ્ટિ કરે એટલે આ કલ્યાણો સ્વયંભૂપણે ઉગી નીકળે છે. ને અનાદિકાળથી સુકી ભટ્ઠ આત્મધરતી નવપલ્લવિત બની જાય છે.

## (૧૫) **अचिन्त्यचिन्तामणिः** -

રત્નો અને ઔષધિઓનો અદ્ભૂત પ્રભાવ હોય છે. જળકાંત રત્નથી પાણીના બે ભાગ પડી જાય અને નદી વગેરેને ખૂબ સરળતાથી પાર કરી શકાય. સૂર્યકાંત રત્ન સૂર્યના તેજમાં અગ્નિ છોડવા લાગે. ચંદ્રકાંત રત્ન ચાંદનીમાં પાણી છોડવા લાગે. આ જ શ્રેણિમાં એક રત્ન છે. જેનું નામ છે ચિંતામણિ. આ રત્નની વિધિપૂર્વક આરાધના કરવાની હોય છે. ત્યાર બાદ જે વસ્તુનું ચિંતન કરવામાં આવે તે વસ્તુ આ રત્નના પ્રભાવે પ્રાપ્ત થઈ જાય છે.

આગમ આ રત્ન કરતાં પણ બે ડગલા આગળ છે. વિધિપૂર્વક આગમની આરાધના કરવામાં આવે, તો પછી આગમ પાસે કાંઈ માંગવાની કે વિચારવાની પણ જરૂર રહેતી નથી. આગમ તો અચિુત્ય ચિંતામણિ છે... એ એવા અદ્ભૂત ફળોને આપે છે, કે જેની કલ્પના પણ ન થઈ શકે.

## (૧૬) अपूर्वकल्पतरुः -

કલ્પતરુ એ એવું વૃક્ષ છે, કે તેની પાસે તમે જે માંગો તે મળે. આજે આપણને કલ્પવૃક્ષ જોવા મળતા નથી, કારણ કે વિશિષ્ટ ક્ષેત્ર વિશિષ્ટ કાળમાં જ તેનું અસ્તિત્વ હોય છે. તેવા ક્ષેત્ર અને કાળ વિશિષ્ટ પુણ્યથી જ પ્રાપ્ત થઈ શકે છે. આપણી પાસે કલ્પવૃક્ષ નથી, પણ કલ્પવૃક્ષને પણ શરમાવે એવું આગમ છે. આ એવું અપૂર્વ કલ્પવૃક્ષ છે, જે આપણને માંગવા સુધી મજબૂર થવું પડે, એની પહેલા જ આપણી ઝોળી ભરી દે છે.

શક્ય છે કે કલ્પવૃક્ષે આપેલી વસ્તુ આત્માના હિતમાં ન પણ હોય, આગમ જે આપશે એ આત્માના એકાંત હિતમાં હશે.

## (૧૭) सर्वकामदा कामधेनुः -

ધેનુ એટલે ગાય, જે ગાય મનોકામનાઓની પૂર્તિ કરે એ ગાયને કામધેનુ કહેવાય છે. વિચારવા જેવી વાત એ છે કે ચિંતામણિ, કલ્પવૃક્ષ કે કામધેનુ જ્યારે કોઈને ઈષ્ટ વસ્તુ આપે છે, ત્યારે શું તાત્ત્વિક દૃષ્ટિએ તે વસ્તુ તેમણે જ આપી હોય છે ? હકીકતમાં વ્યક્તિએ પૂર્વે કરેલા પુણ્યના ફળરૂપે જ તે વસ્તુ મળતી હોય છે. કામધેનુ વગેરે તો માત્ર નિમિત્ત બન્યા. તો કામધેનુંએ ખરેખર શું આપ્યું ? જે એ વ્યક્તિનું હતું, એ જ તેને આપ્યું. એટલે કે એને કશું ન આપ્યું.

સાચી કામધેનુ હોય, તો એ છે આગમ. એ અભાગીને સૌભાગી બનાવે છે, નિષ્પુણ્યને પુણ્યશાળી બનાવે છે, દરિદ્રને સમ્રાટ બનાવે છે. દુઃખીને સુખી બનાવે છે અને સંસારીને સિદ્ધ બનાવે છે.

કામધેનુનું જીવનસૂત્ર આ છે - 'તમારું તમને, શોભા અમારી.' આગમનો પરમ મંત્ર છે - અમારું તમને, કૃતાર્થતા તમારી.

અને છેલ્લી વાત, જો પુણ્ય નહીં હોય તો કામધેનુ નિમિત્ત પણ નહીં બની શકે. એ દૂધ આપવા માટે પણ અસમર્થ બની જશે. જ્યારે આગમ તો પોતે જ પુણ્યનું પાવરહાઉસ છે.

## (૧૮) कृत्स्नगुणरत्नरोहणः -

એક પર્વત છે, જેનું નામ છે રોહણ. આ પર્વત પર રત્નોની ઉત્પત્તિ થાય છે. અજબ-ગજબના રત્નોની આ પર્વત ખાણ છે. આગમ એ એક પ્રકારનો રોહણ પર્વત છે, જે સર્વ ગુણ-રત્નોનું ઉદ્‌ભવસ્થાન છે. એવો કોઈ ગુણ નથી, કે જે આગમથી પ્રાપ્ત ન થતો હોય, વિનય, વિવેક, ઔચિત્ય, દયા, કરુણા, ક્ષમા, સરળતા, સત્ય, નિઃસ્પૃહતા... બધાં જ ગુણોનો મૂળ સ્રોત છે આગમ.

સમગ્ર વિશ્વમાં સૌથી વધુ શ્રીમંત કોઈ હોય, તો એ આગમનો આરાધક છે. કારણ કે આગમની આરાધનાથી એને વિનય વગેરે એ સર્વ ગુણ-રત્નો સ્વાધીન બની જાય છે. કે જેમની તુલનામાં સમગ્ર વિશ્વની સમૃદ્ધિ ધૂળ બરાબર છે.

## (૧૯) अन्तःशास्त्रवसन्त्रासनशङ्खनादः -

શંખ એ કોઈ શસ્ત્ર નથી. નથી એને તલવારની જેમ હાથમાં પકડીને લડી શકાતું, કે નથી તીરની જેમ ફેંકીને લડી શકાતું. છતાં પણ એ યુદ્ધનું એક અંગ છે અને ખૂબ મહત્ત્વનું અંગ છે. જે કાર્ય તલવાર અને તીરથી ન થઈ શકે, તે કાર્ય શંખથી થઈ શકે છે. ઈતિહાસમાં એવી ઘટના પણ બની છે, કે માત્ર શંખનાદથી શત્રુઓના હાજા ગગડી ગયા હોય, એમના હાથમાંથી હથિયારો પડી ગયા હોય, અને તેઓ ઊભી પૂંછડીએ ભાગ્યા હોય.

આગમ એ એક શંખનાદ છે. આંતર શત્રુઓને ધ્રુજાવી દેતો શંખનાદ... એમના હથિયારોને ધરાશાયી કરી દેતો શંખનાદ... એમને આત્મભૂમિ પરથી પલાયન કરવા માટે મજબૂર કરી દે, તેવો શંખનાદ. જેની પાસે આગમ છે, એનો આંતરસંગ્રામમાં વિજય નિશ્ચિત છે.

## (૨૦) दयाद्रुममूलम् -

વૃક્ષની વિરાટતા, વૃક્ષની મજબૂતી અને વૃક્ષની દીર્ઘાયુતાનો આધાર

એના મૂળ પર હોય છે. દાવાનળમાં વૃક્ષો બળી જાય, તો પણ તેમના મૂળ સલામત હોવાથી તેઓ ફરી ઉગી નીકળે છે.

દયા એ એક વૃક્ષ છે, જેનું મૂળ છે આગમ. **पढमं नाणं तओ दया** - પહેલા જ્ઞાન અને પછી દયા. આગમ વિના દયાનું પાલન અશક્ય છે. દુનિયાનું એવું કોઈ સુખ નથી, જે 'દયા' થી ન મળે. બધાં જ સુખો દયા-વૃક્ષના ફળો છે. 'દયા' જ સુખોનું ઉદ્ગમસ્થાન છે, પણ દયાનું ઉદ્ગમસ્થાન છે આગમ. માટે આગમ વિના સુખી થવું, એ મુશ્કેલ જ નહીં, તાત્ત્વિક દૃષ્ટિએ અશક્ય પણ છે.

## (૨૧) **सप्तनयेन्द्रधनुः** -

ઈન્દ્રધનુષમાં જેમ સાત રંગો હોય છે, તેમ આગમમાં સાત નયો હોય છે. 'નય' એ આગમનો એક અનોખો ઉપહાર છે, જેણે દાર્શનિક જગતને એક પરાકાષ્ઠાની દૃષ્ટિ આપી છે. 'નય' ના વિષે હજારો શ્લોકો પ્રમાણ સાહિત્ય આજે પણ વિદ્યમાન છે. ને દેશ-વિદેશમાં તે સાહિત્યનું અધ્યયન પણ થઈ રહ્યું છે.

સાત નયના નામ આ પ્રમાણે છે - (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ (૭) એવંભૂત. આ સાત નયોના રંગોથી આગમનું ઈન્દ્રધનુષ અદ્ભુત આભાથી શોભી રહ્યું છે.

## (૨૨) **निर्वाणमार्गवरयानम्** -

કોઈ પણ રસ્તો કાપવામાં કેટલો સમય લાગશે, તેનો આધાર ગતિ પર છે. ગતિ જેટલી તીવ્ર હશે, તેટલો તે રસ્તો જલ્દી કપાશે, ગતિ જેટલી મંદ હશે, એટલો તે રસ્તો ધીમે કપાશે.

કાપવાનો છે મોક્ષમાર્ગ. પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધીની આ યાત્રા છે. આ માર્ગને શીઘ્ર ગતિથી પસાર કરવા માટેનું વાહન છે આગમ. વિશ્વના શીઘ્રતમ વાયુયાનોને પણ શરમાવે તેવી અજબ ગતિ

છે આ નિર્વાણયાનની. સંસારમાં રઝળતા એક પામર જીવને કલ્પનાતીત ઝડપથી એ સિદ્ધિપુરીમાં પહોંચાડી શકે છે. શરત એટલી જ કે એને પોતાનું અસ્તિત્વ સોંપી દેવામાં આવે સંપૂર્ણપણે.

## (૨૩) **मोक्षाग्र्यद्वारभूतम्** -

પ્રવેશનું અવરોધક તત્ત્વ છે દીવાલ અને સહાયક તત્ત્વ છે દ્વાર. પૂર્વકાળમાં નગરી જેટલી સમૃદ્ધ હોય, તેટલો જ એમાં પ્રવેશ કરવો મુશ્કેલ રહેતો. કિલ્લાની ઉંચી ઉંચી દીવાલો, ભયાનક ખાઈ, યાંત્રિક રચનાઓ અને રક્ષાવ્યૂહો પ્રવેશને અશક્ય જેવો બનાવી દેતા. પણ જો દ્વાર મળી જાય ને દ્વાર ખુલી પણ જાય, તો પછી એક જ પગલુ ને નગરીમાં પ્રવેશ સુલભ.

વિશ્વની સર્વોત્કૃષ્ટ સમૃદ્ધિ ધરાવતી નગરી કોઈ હોય, તો એ મોક્ષનગરી છે. આજ સુધીમાં અનંત અનંત વાર એના કિલ્લાની ઉત્તુંગ દીવાલોને ઓળંગવા માટે ભગીરથ પ્રયાસો થઈ ચૂક્યા છે. અનંત અનંત જીવોએ ખૂબ છલાંગો લગાવી, પણ દ્વાર વિના એમાં પ્રવેશ શક્ય ન બન્યો. મોક્ષનગરીનું અગ્રદ્વાર છે આગમ. સદ્‌ગુરુની કૃપાથી આ દ્વાર ખુલી જાય એટલે મોક્ષનગરીમાં પ્રવેશ સુલભ. તદ્દન સુલભ.

## (૨૪) **सर्वलोकैकसारम्** -

‘સાર’ શબ્દ અનેકાર્થક છે. શ્રેષ્ઠ, બળ, સંપત્તિ વગેરે એના ઘણા અર્થો થાય છે. સમગ્ર વિશ્વની કોઈ સર્વશ્રેષ્ઠ સમૃદ્ધિ હોય, તો એ છે આગમ.

કોઈ ત્રાજવામાં એક પલ્લામાં દુનિયાના બધાં જ હીરા, મોતી, સોનું, ચાંદી, રત્નો વગેરે બધી જ સંપત્તિ મુકવામાં આવે, અને બીજા પલ્લામાં આગમનું માત્ર એક વચન મુકવામાં આવે, તો આગમવચનનું મૂલ્ય વધી જાય. હીરા વગેરે પરનું મમત્વ તો આત્માને નરક અને નિગોદ સુધી ઘસડી જાય છે. જ્યારે આગમવચન તો આત્માને સિદ્ધિ સામ્રાજ્યનો સ્વામી બનાવી દે છે.

## (૨૫) आत्मजलशोधनं कतकचूर्णम् -

પૂર્વકાળમાં પાણીનું શુદ્ધીકરણ કરવા માટે એક અસરકારક વસ્તુનો ઉપયોગ કરવામાં આવતો, જેનું નામ હતું કતકચૂર્ણ. સાવ ગંદા પાણીમાં પણ કતકચૂર્ણ નાખવામાં આવે, એટલે એ પાણી એકદમ ચોક્ખું બની જાય. તદ્દન સ્વચ્છ અને પારદર્શક બની જાય.

આગમ એ એક પ્રકારનું કતકચૂર્ણ છે, જેનો સંયોગ આત્મ-જળને વિશુદ્ધ બનાવી દે છે. આગમનું શ્રવણ થાય અને પરિશીલન થાય, એટલે અનાદિકાળના દોષો દૂર થવા લાગે છે. કર્મનો કચરો છુટ્ટો પડવા લાગે છે અને આત્મ-જળ એકદમ ચોક્ખું બની જાય છે. તદ્દન સ્વચ્છ અને પારદર્શક.

## (૨૬) जगद्वभासदर्पणम् -

દર્પણનો એવો સ્વભાવ છે કે એની સામે જે વસ્તુ હોય, એ એમાં પ્રતિબિંબિત થઈ જાય છે. સામે જે વસ્તુ હશે તેને દર્પણ યથાવત્ - એકદમ તાદૃશ રીતે બતાવી દેશે.

આગમ એક એવો અરીસો છે, જેમાં સંપૂર્ણ વિશ્વ પ્રતિબિંબિત થઈ જાય છે. **सव्वो लोगालोगो आगमविउस्स पच्चक्खो ।।** જે આગમજ્ઞ છે, એને સર્વ લોકાલોક પ્રત્યક્ષ થઈ જાય છે, યથાવત્ અને એકદમ તાદૃશ રીતે.

## (૨૭) गुणोपवनकुल्या -

ઉપવનનો જીવન-આધાર સારણી હોય છે. સારણી દ્વારા પાણીનો પુરવઠો મળતો રહે, તો જ ઉપવન જીવિત રહી શકે. નહીં તો ઉપવન મૃત્યુ પામે અને વેરાન વનનો જન્મ થાય.

સદ્ગુણો એ એક અદ્ભુત ઉપવન છે, જેની સારણી છે આગમ. જેમ જેમ આગમનો સ્વાધ્યાય થતો રહે, તેમ તેમ સદ્ગુણોને જીવન મળતું

રહે. આગમનો સ્વાધ્યાય બંધ થઈ જાય, તો સદ્ગુણોનું ઉપવન મરી પરવારે અને દોષોનું રણ ફૂટી નીકળે.

## (૨૮) **भववृक्षोन्मूलनगजराजः** -

વૃક્ષને ઉખેડી દેવાનું કાર્ય ખૂબ જ કપરું હોય છે. સૃષ્ટિક્રમથી ધરતીમાં વિરાટ બની ગયેલા એના મૂળ... એ મૂળની શાખા-પ્રશાખા. પ્રપ્રશાખા-પ્રપ્રપ્રશાખા.. જો ધરતી પારદર્શક હોત તો આ આખી ય વ્યૂહરચનાનું નિરીક્ષણ કરી શકાત. આ આખી ય વ્યૂહરચના સાથે વૃક્ષને ઉખેડી કાઢવું, એ જમીનના તે વિસ્તારને બાકીની જમીનથી છુટ્ટો પાડીને ઉંચકી લેવા જેવું કામ છે. છતાં ય આ કામ પણ શક્ય બની શકે છે ગજરાજથી. જોરાવર હાથી એની તાકાત લગાવીને આ પરાક્રમ કરી શકે છે.

સંસાર આ એક વૃક્ષ છે. અસંખ્ય ને અનંત વર્ષ જુનું વૃક્ષ. અસંખ્ય ને અનંત યોજનો સુધી એના મૂળિયા પ્રસરેલા છે. કલ્પના કરીએ તો ય ચક્કર આવી જાય, એવું એ વિરાટ વૃક્ષ છે. એને હલાવવું ય અશક્ય લાગે, તો પછી એના ઉખડવાની તો વાત જ ક્યાં રહી ? છતાં એક ગજરાજ એવો છે, જેના માટે આ વૃક્ષને ઉખાડી નાખવું, એ રમત વાત છે, જ્યાં સુધી એનું આગમન થતું નથી ત્યાં સુધી એ વૃક્ષ ફૂલે-ફાલે છે, ને એનું આગમન થાય, એટલે એ વૃક્ષનું મૂલોન્મૂલન થયા વિના રહેતું નથી. એ ગજરાજ એટલે બીજું કોઈ નહીં પણ આગમ.

## (૨૯) **मोहनिद्राप्रत्यूषम्** -

સવાર એટલે એક પ્રકાશમય પ્રારંભ. સવાર ઘણા પ્રકારની હોય છે. રાત્રિની સમાપ્તિ એટલે સવાર. નિદ્રાની સમાપ્તિ એટલે સવાર. અંધકારની સમાપ્તિ એટલે સવાર.

આગમ પણ એક પ્રકારની સવાર છે. સવાર જ્યાં સમાપ્તિ છે દોષ-રાત્રિની. જ્યાં પૂર્ણાહૂતિ છે મોહનિદ્રાની અને જ્યાં અંત છે અજ્ઞાન-અંધકારનો. અનાદિની મોહનિદ્રાનો અંત કરે છે આગમ અને પ્રારંભ કરે

છે, એક અનંત પ્રભાતનો. જેમાં જ્ઞાનનો પ્રકાશ છે, આધ્યાત્મિક આનંદ છે અને યોગબળની સ્ફૂર્તિ પણ છે.

## (૩૦) त्रैलोक्यैकचूडामणिः -

ચૂડામણિ એ એક શ્રેષ્ઠ આભૂષણ છે. જેને મસ્તક પર પહેરવામાં આવે છે. મસ્તકને ઉત્તમ અંગ કહેવામાં આવે છે. ઉત્તમ અંગ પર ઉત્તમ આભૂષણ એ એક અદ્‌ભૂત યોગ છે.

આગમ એ ત્રૈલોક્યનો ચૂડામણિ છે. કારણ કે આગમ એ સમગ્ર વિશ્વમાં સર્વોપરિ છે. ભાવવિશ્વનું ઉત્તમ અંગ છે જૈન ધર્મ અને જૈન ધર્મનો સર્વોત્કૃષ્ટ અલંકાર છે આગમ. ઉત્તમ અંગનું ઉત્તમ આભૂષણ. કોઈને આગમ પર અહોભાવ ન હોય, તો એનો અર્થ એટલો જ છે. કે એને આગમની ઓળખાણ જ નથી.

## (૩૧) परमरसघृतपूरः -

સ્વાદિષ્ટતા અને પોષકતા બંનેથી સમૃદ્ધ વાનગી એટલે ઘેબર. એ પિત્તશામક છે. તૃપ્તિદાયક છે. અનેક ઔષધીય ગુણો પણ એમાં રહેલા છે, ને એ આરોગ્યનું એક પ્રકારનું રસાયણ પણ છે.

આગમ એક પ્રકારનું પરમ રસ ધરાવતું ઘેબર છે. મધુર રસને ક્યાંય ભૂલાવી દે, એવી તેના પરમ રસની સ્વાદિષ્ટતા છે. લૌકિક ઘેબર માત્ર તનનું પોષણ કરે છે. આગમ એ એવું લોકોત્તર ઘેબર છે. જે તન, મન અને જીવનમાં અમૃતનો સંસાર કરી દે છે. લૌકિક ઘેબર પિત્તનું જ શમન કરે છે. આગમ કષાયોનું પણ શમન કરી દે છે. લૌકિક ઘેબરથી અલ્પકાલીન તૃપ્તિ થાય છે. આગમની પરિણતિ જે તૃપ્તિ આપે છે, તે શાશ્વત હોય છે. લૌકિક ઘેબર માત્ર શરીરના રોગોનું ઓષધ બની શકે છે. આગમનું લોકોત્તર ઘેબર આત્મિક રોગોનું રામબાણ ઔષધ છે. લૌકિક ઘેબરની રસાયણ શક્તિ ઘડપણ કે મૃત્યુને હરાવી નથી શકતી, આગમ તો આત્માને અજરામર બનાવી દે છે. ખરેખર, પરમ રસ-પરમ પરમ ઘેબર છે આગમ.

## (૩૨) विद्वत्कुलकण्ठाभरणम् -

કંઠને શણગારવા માટે સેંકડો પ્રકારના દાગીના ઉપયોગમાં લઈ શકાય છે. પૂર્વકાળમાં એકસેરા હારથી માંડીને સો-સેરા હાર સુધીના હારો ને ફૂલની માળાથી માંડીને રત્નોની માળા સુધીની માળાઓ કંઠનો અલંકાર બનતી હતી.

પણ એ બધા અલંકારો તો બાહ્ય છે. ભીતરથી કંઠને જે શણગારે તે ખરો શણગાર બની શકે. કંઠનો ભીતરી શણગાર બની શકે શ્રેષ્ઠ શબ્દ. અને તે છે આગમ. વિદ્વાન મહાત્માઓ આગમનો સ્વાધ્યાય કરે છે. આ દિવ્ય શબ્દોનો ઉચ્ચાર કરે છે, ત્યારે તેમનો કંઠ વિશ્વના સર્વોત્કૃષ્ટ અલંકારથી અલંકૃત થઈ જાય છે.

## (૩૩) वीराऽऽगमजलनिधिम् -

સાગર એ પ્રકૃતિની એક વિરાટ અભિવ્યક્તિ છે. એમાં તરંગો પણ છે અને રત્નો પણ છે. એનામાં મર્યાદા પણ છે અને ગંભીરતા પણ છે. સાગરની દુર્લભથી ય દુર્લભ વિશેષતા એ છે કે એમાં વિરાટતાની સાથે જ પરિપૂર્ણતા છે.

આગમ પણ સાગર છે ના, બલ્કે સાગરથી પણ ચઢિયાતું છે સુભાષિતોના તરંગો એમાં ઉલ્લસિત થઈ રહ્યા છે. અદ્‌ભુત અર્થપૂર્ણ વચનરત્નો એમાં ઝળહળી રહ્યા છે. સમગ્ર વિશ્વની લોકોત્તર મર્યાદા એમાં ઝળકી રહી છે. અને એના પદાર્થોની ગંભીરતાની તુલનામાં સાગર ખુદ પણ ઝાંખો પડી રહ્યો છે. સામાન્યથી જે વિરાટ હોય, એનામાં જાત-પાતની અધુરપ જોવા મળે છે. આગમ વિરાટ છે. આગમ સાહિત્ય અને આગમના આધારે રચાયેલા શાસ્ત્રો એટલા વિપુલ પ્રમાણમાં છે, કે એમને વાંચતા વાંચતા જીવન પૂરું થઈ જાય, પણ એ પુરા ન થાય. આટલી વિરાટતાની સાથે સાથે જ આગમમાં પરિપૂર્ણતાનું પણ વૈવિધ્ય છે. પ્રામાણિકતાની પણ પૂર્ણતા. રસાળતાની પણ પૂર્ણતા. પૂર્વાપર સંવાદની પણ પૂર્ણતા અને વિશ્વકલ્યાણના સામર્થ્યની પણ પૂર્ણતા. ખરેખર અતિસાગર છે આગમ.

## (૩૪) निर्वाणप्रगुणपदवी -

'માર્ગ' એ ખૂબ જ સૂક્ષ્મબુદ્ધિથી સમજવા જેવી વસ્તુ છે. મુંબઈથી બેંગ્લોર જતો માર્ગ એ જ દિલ્હીનો પણ માર્ગ હોય છે, ફરક એટલો જ કે એ માર્ગ ફરી ફરીને જશે. બીજા શબ્દોમાં કહીએ તો એ માર્ગ વાંકો છે, વક્ર છે. તો જેને દિલ્હી જવું છે, તે એ રસ્તે નહીં જાય. પણ સીધા-સરળ રસ્તે જશે.

ફલિત એ થાય છે કે માર્ગ હોવો એ મહત્ત્વની વાત નથી, પણ માર્ગ સરળ-અવક્ર હોય એ મહત્ત્વની વાત છે. માર્ગ જેટલો સીધો હશે, એટલો જ એ ટૂંકો હશે. માર્ગમાં જેટલી વક્રતા હશે, એટલો જ એ લાંબો હશે. મોક્ષનો સીધો માર્ગ છે આગમ. એટલો સીધો કે વિશ્વમાં એના કરતાં વધુ સરળ બીજો કોઈ જ માર્ગ નથી. હકીકતમાં આગમિક મોક્ષમાર્ગ એ જ સરળતાનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે.

## (૩૫) करुणासलिलसलिला -

પુત્રને કોઈ મારી જાય તો માતીની કરુણા છલકી ઉઠશે, પરિવાર સંકટમાં હશે, તો પરિવારના સભ્યનું હૃદય દ્રવી જશે, કોઈ ચોક્કસ સંપ્રદાય માટે લાગણી ધરાવશે, તો કોઈ માનવતા માટે લાગણીશીલ બનશે, કોઈ ગાય માટે કરુણા ધરાવશે, તો કોઈ કૂતરા માટે... પણ આગમ ? એ તો સાક્ષાત્ કરુણાની સરિતા છે, એની કરુણતાને કોઈ વાડાબંધી નથી. એની કરુણતાને કોઈ જાતિ, સંપ્રદાય કે ધર્મની સીમા નથી. એની કરુણાના નીર વિશ્વના પ્રત્યેક જીવ માટે છે. હાથીથી માંડીને સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈ શકાય તેવા સૂક્ષ્મ જીવ સુધીની પ્રત્યેક જીવ માટે.

અનાદિકાળથી આગમની આ કરુણાનદી ખળખળ વહી રહી છે. અને હિંસાના તાંડવથી ત્રસ્ત થતા જીવોને પરમ સુખ અને પરમ શાંતિ આપી રહી છે.

## (૩૬) पुण्यप्रासादकूर्मशिला -

મંદિર કે મહેલની ઉંચાઈ એના પાયાને આભારી હોય છે, ને એનો પાયો એની કૂર્મશિલાને આભારી હોય છે. આગમ એ પુણ્યમંદિરની કૂર્મશિલા છે.

સ્વમતિથી (મન-મરજીથી) કરેલું પુણ્ય ટૂંકું અને શિથિલ હોય છે. જ્યારે આગમવચનને સમર્પિત થઈને શુદ્ધવિધિ અને ઔચિત્યપૂર્વક કરેલું પુણ્ય ઉત્તુંગ અને સુદૃઢ હોય છે. જેને આત્મકલ્યાણ કરવું છે. જેને સાચા સુખની પ્રાપ્તિ કરવી છે. એની પાસે આગમની શરણાગતિ સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. મન-મરજીના માર્ગે આત્મકલ્યાણ શોધવા જવું એ ઝેરમાં અમૃત શોધવા બરાબર છે.

## (૩૭) सौख्यतरुप्ररोहः -

પ્રરોહનો અર્થ છે અંકુર. વૃક્ષની સર્જનયાત્રાનું પ્રથમ પગલું અંકુર હોય છે. સુખને જો એક વૃક્ષ ગણીએ, તો એનો અંકુર છે આગમ.

અંકુરનો ઈન્કાર એ વૃક્ષનો ઈન્કાર છે. આગમનો ઈન્કાર એ સુખનો ઈન્કાર છે. આગમનો આદર. આગમનો અંગીકાર અને આગમનું અનુસરણ, આ જ સુખનો શાશ્વત ઉપાય છે.

## (૩૮) जिनशासननगरवप्रः -

નગર ના આયુષ્યનો આધાર એના ઘરોની બનાવટ કે રસ્તાઓની બાંધણી પર નથી હોતો, પણ એના કિલ્લાની મજબૂતી પર હોય છે. ઈતિહાસ સાક્ષી છે, કે જ્યાં સુધી કિલ્લો સલામત હોય, ત્યાં સુધી નગરને ઉની આંચ પણ આવતી નથી.

જિનશાસન એક એવું નગર છે, જેનો કિલ્લો છે આગમ. આગમમાં તત્ત્વ, સિદ્ધાન્ત, આચારમર્યાદા, વિવિધ વ્યવસ્થા વગેરેની એટલી સ્પષ્ટ પ્રરૂપણા છે કે સ્વચ્છંદ મતિથી કોઈ પ્રરૂપણા કે વર્તન કરવાની હિંમત

લગભગ ન કરે. ને જે કરે, એનો પ્રતિકાર આગમમાં ઉપલબ્ધ જ હોય. આનું જ નામ કિલ્લો. જેણે જિનશાસન સાથે ચેડા કરવાની શક્યતાને નાબૂદ કરી દીધી છે. ને માટે જ આજ સુધી જિનશાસનની મૂળભૂત પરંપરા અખંડપણે ચાલી આવી છે ને હજારો વર્ષ સુધી ચાલતી રહેશે.

**(૩૯) परमानन्दनन्दनम्** -

મેરુ પર્વત પર જ્યાં ધરતીનું સ્વર્ગ સર્જાયું છે, તે સ્થાનનું નામ છે નંદનવન. દેવો ને દેવાંગનાઓ પણ દેવલોકથી કંટાળે ત્યારે નંદનવનમાં કિલ્લોલ કરવા માટે ઉતરી પડે છે.... કલ્પવૃક્ષો, ફળ-ફૂલથી લચી પડેલા ઉદ્યાનો, લતામંડપો, સુગંધથી તરબતર પવન, સુકોમળ અને સુવાસિત શિલાપટો... બસ, નર્યુ સ્વર્ગ. એની એક ઝલક માણવા મળી જાય. તો પછી અહીંનું કોઈ સ્થાન ન ગમે.

આગમ એટલે પરમાનંદદાયક નંદનવન. નંદનવનના વૃક્ષો ય ક્યારેક મુરઝાઈ જાય છે. ત્યાંના ફૂલો ય કરમાઈ જાય છે ને ત્યાંના ફળો ય સડી જાય છે. પણ ‘આગમ’ સદા માટે લીલુંછમ હોય છે. નંદનવનના શીતળ લતામંડપમાં રહેલો દેવતા પણ માનસિક સંતાપથી સળગી રહ્યો હોય, એ શક્ય છે. આગમના સ્વાધ્યાયમાં આત્મા મગ્ન થાય અને એ પરમાનંદની અનુભૂતિમાં ગરકાવ ન થઈ જાય એ અશક્ય છે.

જે આનંદ આપે એનું નામ નંદન. ખરું નંદનવન ‘આગમ’ જ છે.

**(૪૦) आत्मरमणतोद्यानवसन्तः** -

સમય એ પરિવર્તનનો સૂત્રધાર છે. બાળ-યુવા-વૃદ્ધ વગેરે અવસ્થાઓ પણ સમયને આભારી છે અને ગ્રીષ્મ-વર્ષા-હેમંત વગેરે ઋતુઓ પણ સમયને આભારી છે. તેમાં જ્યારે વસંત ઋતુ આવે છે. ત્યારે વનસ્પતિ સૃષ્ટિમાં આશ્ચર્યજનક પરિવર્તન આવે છે. વન-ઉપવન ને બાગ-બગીચા અદ્ભુત શોભાને ધારણ કરે છે.

આત્મરમણતાને જો ઉદ્યાન ગણીએ, તો એની વસંત છે આગમ. જે આગમનું પરિશીલન કરે છે, એની આત્મરમણતા સોળે કળાએ ખીલી ઉઠે છે.

## (૪૧) भवसागरव्यतिक्रमसेतुः -

નદી-તળાવ કે સાગરને સ્પર્શ પણ કર્યા વિના તેને પાર કરી જવાનો એક ઉપાય છે. સેતુ. સંસારસાગર રાગ-દ્વેષના પાણીથી ભરેલો છે. રાગ-દ્વેષને સ્પર્શ પણ કર્યા વિના ભવસાગરને તરી જવો એ કેટલું દુષ્કર કાર્ય છે ! છતાં પણ જો સેતુ મળી જાય, તો એ કાર્ય સરળ થઈ શકે છે. એ સેતનું નામ છે આગમ.

અંતરની વાત કહું ? આગમના માર્ગે ચાલો, ભવસાગર આખો ય ભોંઠો પડી જશે.

## (૪૨) सर्वसत्त्वाहिंसादुन्दुभिः -

પૂર્વકાળમાં કોઈ પણ ઉદ્‌ઘોષણા કરવાની હોય. તે માટે દુંદુભિવાદન કરવામાં આવતું. જેને વર્તમાન લોકભાષામાં 'ઢંઢેરો પીટવો' કહેવાય છે. આગમ એ સ્વયં એક દુંદુભિ છે જેણે સર્વ જીવોની અહિંસાની ઉદ્‌ઘોષણા કરી છે -

॥ सव्वे जीवा न हंतव्वा॥

ખૂબ થોડા છે એ જીવો, જેઓ આ પરમ પાવન દુંદુભિને સાંભળી શકે છે. એમનામાં પણ ખૂબ થોડા છે એવા જીવો, જેઓ આ દુંદુભિ પર પૂર્ણ વિશ્વાસ મુકી શકે છે, એમનામાં પણ ખૂબ થોડા છે એવા જીવો, જેઓ આ દુંદુભિનો શબ્દશઃ અમલ કરવાનું સામર્થ્ય દાખવી શકે છે. ને હા, પછી એ જીવો ઉત્તરોત્તર શ્રેષ્ઠ સુખોને પામીને મોક્ષના શાશ્વત સુખના સ્વામી બની જાય છે. ત્રૈલોક્યની શ્રેષ્ઠતમ છે આ ઉદ્‌ઘોષણા, એના પાલનથી શ્રેષ્ઠ ફળ મળે જ ને !!!

**(૪૩) कषायचक्रनिकृन्तनचक्रनेमिः** –

યુદ્ધમાં સર્વોત્કૃષ્ટ શસ્ત્ર ગણાય છે ચક્ર. ચક્રવર્તી વગેરે વિષમ સમયમાં ચક્રનો ઉપયોગ કરે છે. ચક્રની અમોઘ શક્તિ સામે શત્રુઓના શસ્ત્રો નિષ્ફળ જાય છે. ને અંતે એ ચક્ર શત્રુઓને કાપી નાખે છે.

આપણા ખરા શત્રુ કોઈ હોય, તો એ કષાયો છે. ક્રોધ, અહંકાર, કપટ, લોભ... આ શત્રુઓએ અનાદિકાળથી આપણી હેરાનગતિ કરવામાં કાંઈ જ બાકી રાખ્યું નથી. 'આગમ'થી એ શત્રુઓને સમાપ્ત કરવા શક્ય બની શકે છે. આગમ એ એક અમોઘ ચક્ર છે, જેની ધાર તમામ આંતરશત્રુઓને યમના દરવાજા દેખાડી શકે છે. યુદ્ધનીતિ કહે છે –

**यो न हन्यात् स हन्यते।**

જે શત્રુને મારતો નથી, તે ખુદ કમોતે મરે છે.

માનવજીવનની મહત્તા અને સાર્થકતા એમાં જ છે, કે આગમનું અવલંબન કરીને આંતરશત્રુઓના રામ રમાડી દેવામાં આવે. નહીં તો અનંત મૃત્યુ ફરીથી આપણી પ્રતીક્ષા કરતા ઊભા જ છે.

**(૪૪) विषयप्रतिबन्धकचवरसमीरणः** –

સાવરણી કચરાને સાફ તો કરે છે. પણ તેમાં વધુ શ્રમ અને સમય લાગે છે. કચરાને ઓછા શ્રમ અને ઓછા સમયમાં કોઈ સાફ કરી શકે તેમ હોય, તો એ છે પવન. વેક્યુમ ક્લીનરોની શોધ આ જ સત્ય પરથી થઈ છે. પ્રભુના જન્મોત્સવમાં આઠ દિક્કુમારિકાઓ સંવર્ત્તવાયુનું સર્જન કરીને કચરો દૂર કરે છે.

આગમ એક પ્રબળ પવન છે. જે આત્મભૂમિ પરથી વિષયાસક્તિના કચરાને દૂર કરી દે છે. શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ આ પાંચ વિષયો પરની આસક્તિએ આત્માને મલિન કરી દીધો છે. આગમના પરિશીલનથી આ

આસક્તિનો કચરો દૂર થઈ જાય છે. આત્મા એના વિશુદ્ધ સ્વરૂપને પામે છે અને પરમ સુખનો સ્વામી બની જાય છે.

## (૪૫) जीवन्मुक्तिप्रापकमहाविद्या -

વિદ્યાથી અચિંત્ય શક્તિ મળી શકે છે. આકાશમાં ઉડવાની શક્તિ, પાણી પર ચાલવાની શક્તિ, અદૃશ્ય થઈ જવાની શક્તિ, વિરાટ અને વામન બનવાની શક્તિ વગેરે વગેરે. પણ એવી વિદ્યાઓ શા કામની ? કે જેનાથી આત્માના જન્મ-મરણના ફેરા ન ટળે. જેનાથી નરક અને તિર્યંચના દુઃખો ન ટળે.

ખરી વિદ્યા કોઈ હોય તો એ છે આગમ. આગમ એ એવી મહાવિદ્યા છે, જેનાથી જન્મ-મરણ-નરક-તિર્યંચ વગેરેના દુઃખો તો ટળી જ જાય છે, પણ આત્માનો મોક્ષ થાય એની પહેલાં ય અહીં જ મોક્ષના સુખનો અનુભવ થાય છે. આ 'જીવન્મુક્તિ'ની ઉપલબ્ધિ હોય છે. એને તમે અમૃતવર્ષા કહી શકો, આનંદનો મહાસાગર કહી શકો કે સુખનું એક છત્રી સામ્રાજ્ય પણ કહી શકો. જે છે આગમનો ઉપહાર છે.

આગમોનું અધ્યયન કરવા માટે જ્ઞાની સંયમી ગુરુ ભગવંત પાસે દીક્ષા લેવી જોઈએ. ગુરુની આજ્ઞાનુસાર આગમિક વિધિ મુજબ યોગોદ્વહન (વિશિષ્ટ તપ અને ક્રિયા) કરવું જોઈએ અને પછી ગુરુની અનુજ્ઞાપૂર્વક આગમોનું અધ્યયન કરવું જોઈએ. જો દીક્ષા લેવી શક્ય ન હોય, તો ગુરુમુખેથી આગમોની વાચનાઓનું સમ્યક્ શ્રવણ કરવું જોઈએ.

* * * * *